2(b)



તા. ૧૨-૩-૨૦૦૧ના રોજ ઠરાવેલ માર્ગદર્શક સિધ્ધાંતો મુજબ કપાતનું ધોરણ રાખવાનું તથા સદર મુસદ્દારૂપ નગર રચના યોજના તૈયાર કરવાના સમય દરમ્યાન પણ સંબંધક જમીન માલિક / કબજેદાર દ્વારા કપાતની સંમતિ રજુ કર્યેથી જાહેર વિકાસનો હેતુ ધ્યાને લઈને જે તે જમીનમાં વિકાસ પરવાનગી આપવાનું અને મુસદ્દારૂપ નગર રચના યોજના તૈયાર કરી સરકારશ્રીમાં મંજૂરી માટે સાદર કરવાની જરૂરી આગળની નિયમોનુસારની તમામ કાર્યવાહી કરવા માટે મુખ્ય કારોબારી અધિકારશ્રી, સુડાને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવ્યું.

## અધિસૂચના

### નગર રચના યોજના નં. ૨૭ (ઉત્રાણ-કોસાડ) : સુડા : સુરત.

નં. સુડા/યુ. ૩/ટી. પી. એસ. - ૨૭ (ઉત્રાણ-કોસાડ).-ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૨૨ની પેટા કલમ (૧) અન્વયે રચાયેલ, સુરત શહેરી વિકાસ સત્તામંડળે તેના ઠરાવ નં. ૨૪૨૯ તા. ૨૩-૧૨-૨૦૦૫ થી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧ અન્વયે, મુખ્ય કારોબારી અધિકારીશ્રીએ સહી કરેલ છે. તે નકશામાં ગુલાબી રંગની ઘેરી લીટીથી દર્શાવેલ વિસ્તાર માટે નગર રચના યોજના નં. ૨૭ (ઉત્રાણ-કોસાડ) જેની ચતુઃસીમા "પરિશિષ્ટ-અ" મુજબની છે. તે તૈયાર કરવાનો ઈરાદો જાહેર કર્યો છે. આ નકશાની નકલ સુરત શહેરી વિકાસ સત્તામંડળની કચેરી "સુડા ભવન", કલેકટર કચેરીની બાજુમાં, નાનપુરા, સુરતના સરનામે આવેલ કચેરીમાં જાહેર રજાઓના દિવસો સિવાયના કામકાજના સમય દરમ્યાન જાહેર જનતાને જોવા માટે ખુલ્લી રાખવામાં આવેલ છે.

(સહી) અવાચ્ય,
મુખ્ય કારોબારી અધિકારી,
સુરત શહેરી વિકાસ સત્તામંડળ,
સુરત.

## પરિશિષ્ટ-અ

### નગર રચના યોજના નં. ૨૭ (ઉત્રાણ-કોસાડ) : સુડા : સુરત

ચતુઃસીમા :-

ઉત્તરે : રેલ્વે લાઈન

દક્ષિણે : લાગુ સુચિત ૩૬ મીટર ડી. પી. રોડ અને મોજે : ઉત્રાણના બ્લોક નં. ૨૪૭, ૭ થી ૫૨, ૫૪, ૫૫, ૧૧૪, ૧૧૫, ૧૧૬, ૧૧૭, ૧૦૯, ૧૦૩, ૧૦૨, ૭૬, જી. ઈ. બી. પાવર હાઉસ, વિગેરે.

પૂર્વે : ઉત્રાણ જી. ઈ. બી. પાવર હાઉસ, તરફ જતા લાગુ રેલ્વે લાઈન.

પશ્ચિમે : લાગુ મુંબઈ અમદાવાદ રેલ્વે લાઈન.

સદરહું નગર રચના યોજનાની હદ વિસ્તારમાં સમાવિષ્ટ થતી જમીનોના બ્લોક નંબરોની યાદી : મોજે : ઉત્રાણના બ્લોક નંબર : ૭૬/પૈકી, ૮૧/પૈકી, ૮૨/પૈકી, ૮૪/પૈકી, ૮૫ થી ૧૦૦, ૧૧૮, ૧૧૯/એ, ૧૧૯/બી, ૧૨૦ થી ૧૪૬, ૧૪૭/એ, ૧૪૭/બી, ૧૪૮/એ, ૧૪૮/બી, ૧૪૯ થી ૧૫૪, ૧૫૫/એ, ૧૫૫/બી, ૧૫૬ થી ૧૮૨, ૨૦૮ થી ૨૧૩, ૨૧૪, ૨૧૪/પૈકી, ૨૧૫ થી ૨૪૬, ૨૪૮, ૨૪૯, ૨૫૦/એ, ૨૫૦/બી, ૨૫૧ થી ૨૫૪.

મોજે કોસાડના બ્લોક નંબર : ૧૧૯ થી ૧૪૩, ૧૪૭/પૈકી, ૧૬૩, ૧૬૫.